રાજ્યની સરકારી અને બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના લેબ-કો-ઓર્ડીનેટરની જગ્યાને મદદનીશ શિક્ષક(પ્રયોગશાળા)ની જગ્યામાં ફેરવવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્ર:ઉમશ-૧૨૮૭-૩૦૯૪૭(૮૯)-ગ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૧-૭-૮૯.

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૦-૮-૭૭નો ઠરાવ ક્ર:ઈડીએસ-૯૧૭૬-૭૫૮૩૩-ગ,
(૨) સં.શિ.નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, પાટનગર યોજના ભવન, એલિસબ્રીજ, અમદાવાદના તા.૨૦-૯-૮૮ના પત્રાંક:ઉમબ-ક-૧-૧૬૨૩૫ અને તારીખ: ૧૨-૧-૮૯ના પત્રાંક:ઉમબ-ક-૧-૧૯૫૫૧.

ઠરાવ:

રાજ્યની વિજ્ઞાનપ્રવાહવાળી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રૂા.૧૨૦૦-૧૮૦૦ના પગાર ધોરણવાળી લેબ-કો-ઓર્ડીનેટરની જગ્યાને રૂા.૧૬૪૦-૨૯૦૦ના પગારધોરણવાળી (અન્ય મદદનીશ શિક્ષક)નું પગારધોરણ) મદદનીશ શિક્ષક(પ્રયોગશાળા)ની જગ્યામાં ફેરવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને રાજ્યની વિજ્ઞાનપ્રવાહવાળી સરકારી અને બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના લેબ-કો-ઓર્ડીનેટરની રૂા.૧૨૦૦-૧૮૦૦ના પગારધોરણ વાળી જગ્યાને રૂા.૧૬૪૦-૨૯૦૦ના પગારધોરણવાળી મદદનીશ શિક્ષક (પ્રયોગશાળા)ની જગ્યામાં ફેરવવાનું ઠરાવવામાં આવે છે. અને હવે પછી લેબ-કો-ઓર્ડીનેટરની જગા જુના નિયમો પ્રમાણે ભરવાની બંધ કરવાની રહેશે.

(૧) કોઈપણ પૂર્ણ સમયના લેબ-કોઓર્ડીનેટર કે જે વિજ્ઞાનના વિષયો સાથે તાલીમી અનુસ્નાતક બીજા વર્ગની પદવી ધરાવતા હોય અથવા વિજ્ઞાનના વિષયો સાથે તાલીમી સ્નાતક અને સાત વર્ષનો અનુભવ ધરાવતો હોય અથવા ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાનના મદદનીશ શિક્ષક માટે ઠરાવેલ બીજી લાયકાત ધરાવતા હોય.

(૨) કોઈપણ લેબ-કો-ઓર્ડીનેટર જે આ મદદનીશ શિક્ષક(પ્રયોગશાળા)ની જગ્યાઓ પર લાભ મેળવવાપાત્ર હોય તેણે પ્રયોગશાળા અંગેનું તમામ શૈક્ષણિક પ્રાયોગિક તથા તેને આનુસાંગિક કામ કરવાનું રહેશે.

...૨/-

Scanned by CamScanner

અને તેમ છતાં ૨૧ કલાકનું શૈક્ષણિક કાર્ય પુરું ન થતું હોય તો અન્ય શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

(૩) આવા મદદનીશ શિક્ષકો (પ્રયોગશાળા)નું પ્રમાણ લેબ-કો-ઓર્ડિનેટર માટે અગાઉ સરકારે ઠરાવેલ અને હાલમાં અમલમાં છે તે યથાવત રહેશે.

(૪) હાલમાં જે લેબ-કો-ઓર્ડિનેટર શરત(૧)માં દર્શાવેલ લાયકાત ધરાવતા ન હોય તેમણે ઠરાવ અમલી બન્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં જરુરી લાયકાત મેળવવાની રહેશે અને ત્યાં સુધી તેમને હાલનું પગાર ધોરણ ચાલુ રહેશે.

૨. આ અંગેનું ખર્ચ વિભાગની બજેટ ગ્રાન્ટમાં જે તે વર્ષે થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૭-૬-૮૯ના રોજ મળેલી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બા.છ.યાદવ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માનનીય શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય શિક્ષણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, પાટનગર યોજના ભવન, એલિસબ્રીજ, અમદાવાદ.-૬.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
મહાલેખાકાર, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
નાણા વિભાગ/શ્રી કનકસિંહ રાણા, પ્રમુખશ્રી, ગુ.રા.ઉ.મા. શિક્ષક સંઘ, મહામંડળ, સુરેન્દ્રનગર.
મદદનીશ સિલેકટ ફાઈલ.
વિશિષ્ટ ફાઈલ
ફાઈલ ક્ર:સમશ-૧૦૮૮-૩૪૯૮૭-ગ.૧ માટે.

મોઢા/૨૧૭૮૯/૨૮.

Scanned by CamScanner

રાજ્યની સરકારી અને બિન-સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના લેબ. કો-ઓર્ડીનેટરની જગ્યાને મદદનીશ શિક્ષક (પ્રયોગશાળા)ની જગ્યામાં ફેરવવા બાબત...

ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૨૮૭/૧૯૬૧(૯૨)ગ-૧,
સચિવાલય, ગાંધીનગર,

તારીખ: -૯-૧૯૯૨ 15 SEP 1992

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગના તા. ૨૧/૭/૮૯ના ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૨૮૭/૩૦૯૪૭(૮૯)ગ-૧.

(૨) શિક્ષણ વિભાગના તા. ૩/૭/૯૦ના ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૨૮૭/૩૦૯૪૭(૮૯)ગ-૧.

ઠરાવ:-

રાજ્યની વિજ્ઞાન પ્રવાહવાળી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના લેબ-કો-ઓર્ડીનેટરોએ આમુખના ક્રમાંક(૧) આગળના તા:૨૧/૭/૮૯ના ઠરાવની શરત(૧) માં દર્શાવેલ લાયકાત સદરહુ ઠરાવની તારીખથી ત્રણ વર્ષની મુદત માં મેળવી લેવાની રહેતી હતી. પરંતુ, કેટલાંક કારણોસર કેટલાક કોઓ-ઓર્ડીનેટર આ લાયકાત હજુ મેળવી શક્યા નથી. જેથી લેબ. કો-ઓર્ડીનેટરને શરત(૧) ની જરૂરી લાયકાત મેળવવા માટેની મુદત વધુ ત્રણ વર્ષ માટે એટલે કે તા:૨૧/૭/૯૫ સુધી લંબાવી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨/- આવા બિન તાલીમી લેબ-કો-ઓર્ડીનેટર નિયત મુદતમાં તાલીમ મેળવી લે તે માટે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦-૨, ખાસ ઘટકે ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બા. ઇ. યાદવ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ,

નકલ રવાના :-

૧. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,

૨. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦×૨, ખાસ ઘટક, પાટનગર યોજના ભવન, એલિસબ્રીજ, અમદાવાદ-૬.



Scanned by CamScanner

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,
બ્લોકનં.૯/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર.તા.૩૦/૧૦/૨૦૧૮.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય;- વર્ષ ૧૯૯૫ પછી બી.એડ. થયેલ લેબ કો ઓર્ડીનેટરને રૂ. ૧૬૪૦-૨૯૦૦નું પગાર ધોરણ આપવા બાબત

સંદર્ભ;- (૧) શિ.વિ.નો ઠરાવ ક્રમાંક ઉમશ/૧૨૮૭/૩૦૯૪૭ (૮૯)/ગ-૧ તા. ૨૧/૦૭/૧૯૮૯

(૨). શિ.વિ.નો ઠરાવ ક્રમાંક ઉમશ/૧૨૮૭/૧૮૬૧(૯૨)/ગ-૧ તા. /૦૯/૧૯૯૨

(૩) શિ.વિ.નો પત્ર ક્રમાંક ઉમશ/૧૨૧૨/૨૯/ગ-૧ તા. ૧૨/૧૦/૨૦૧૮.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે શિક્ષણ વિભાગના તા. ૨૧/૦૭/૧૯૮૯ના ઠરાવથી રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં રૂ. ૧૨૦૦-૧૮૦૦ના પગાર ધોરણવાળી લેબ કો ઓર્ડીનેટરની જગ્યાને મદદનીશ શિક્ષક (પ્રયોગશાળા) માં ફેરવી તાલીમી સ્નાતકની લાયકાત ધરાવતા ન હોય તેઓને ઠરાવની તારીખથી ૩ વર્ષમાં લાયકાત મેળવી લેવાની હતી. ત્યાર બાદ શિક્ષણ વિભાગના તા. /૦૯/૧૯૯૨ના ઠરાવથી મુદત તા.૩૧/૭/૧૯૯૫ સુધી લંબાવવામાં આવેલ હતી.

જેથી જે લેબ કો ઓર્ડીનેટર તા.૨૧/૭/૧૯૯૫ પછી બી.એડ.ની લાયકાત મેળવેલ હોય તેઓને રૂ.૧૬૪૦-૨૯૦૦નું પગાર ધોરણ આપવામાં આવે તો થનાર ખર્ચની માહિતી નીચે જણાવેલ પત્રકમાં દિન-૩માં ઈ મે ઈલથી ઉપર મોકલવાા વિનંતી છે.

પત્રક

જિલ્લાનું નામ

| ક્રમ | મદદનીશ શિક્ષક (પ્રયોગશાળા)નું નામ | શાળાનું નામ | બી.એડ.ની લાયકાત મેળવેલ વર્ષ | બી.એડ.ની લાયકાત પહેલાનું પગાર ધોરણ | રૂ.૧૬૪૦-૨૯૦૦નું પગાર ધોરણ આપવામાં આવે તો થનાર ખર્ચની કુલ રકમ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગ.રા. ગાંધીનગર

Scanned by CamScanner